લગભગ ૯૦ સાધુઓ અને ૪૫૦ સાધ્વીજીઓ તથા હજારો શ્રાવક–શ્રાવિકાઓનો મહેરામણ ઊમટયો હતો. એ સર્વની વચ્ચે પૂજ્યશ્રીની મહાન પ્રભાવકતા પ્રકાશતી હતી. આવા અમૂલા અવસરે તેઓશ્રીને આચાર્યપદ માટે અનેક વિનંતીઓ થઈ હતી. પણ સદાયે નામનાની કામનાથી અળગા રહેતા આ મુનિવરે હંમેશની જેમ ઇન્કાર કરી દીધો. ૯૦ થાણાનો એક જ અવાજ હતો કે આચાર્યપદ સ્વીકારો. પરંતુ માન-પ્રતિષ્ઠાના નિર્લેપી આ મહાત્મા એકના બે થયા નહોતા. ઉપરાંત, તેઓશ્રીની અપ્રતિમ પ્રતિભાએ તેમને પુષ્કળ માન-સન્માન આપવા તત્પર છતાં તેઓશ્રી એ માન-સન્માનથી નિઃસ્પૃહી રહેવા માટે સભા-સમારંભોમાં પણ જતા નહીં. પણ, સન્માન, ઉપાધિઓ, સભ્યપદો તેઓશ્રી પાછળ દોડતાં. જેમ જુદી જુદી સોસાયટીએ તેમને સભ્યપદ મોકલ્યાં હતાં, તેમ જુદી જુદી ડિગ્રીઓ પણ મોકલી હતી, જેમ કે— M. N. G. S. (Washington), M. A. S. (Bombay), M. A. I. S. (Delhi), M. O. G. (Ahmedabad), M. I. S. C. A. (Calcutta).

આવી મહાન વિભૂતિમત્તાને જીવનની અધીં યાત્રા વટાવી ત્યાં લકવો ગ્રસી ગયો. વિશાળ શિષ્યસમુદાય અને હજારો ભાવિકો ખડે પગે સેવાસુશ્રૂષા કરતાં હતાં તેની વચ્ચે પૂજ્યશ્રીએ સં. ૨૦૪૩ના કારતક વદ ૯ને દિવસે ઊંઝા મુકામે પોતાની જીવનલીલા સંકેલી લીધી. ૬૨ વર્ષના અલ્પાયુમાં અને અધીં સદીથી પણ અધિક દીક્ષાપર્યાયમાં તેઓશ્રીએ જે અનેકવિધ શાસનપ્રભાવના કરી તે મહાગ્રંથ વગર દર્શાવી ન શકાય તેટલી વિશાળ છે. પૂજ્યશ્રીની મહાનતા તો એ છે કે તેમના સ્વર્ગવાસ પછી પણ તેમના નામસ્મરણથી અનેક સુખદ ચમત્કારો થયાના દાખલા નોંધાયા છે. પૂ. પંન્યાસજીના સ્વર્ગવાસ બાદ તેઓશ્રીએ આરંભેલાં તમામ ધર્મકાર્યોની ધૂરા તેમના શિષ્યરત્ન પૂ. પં. શ્રી અશોકસાગરજી મહારાજે સંભાળી છે. એવા એ અનેકમુખી પ્રતિભા ધરાવનાર અપૂર્વ અને અજોડ મહાપુરુષને કોટિ કોટિ વંદના !

( સંકલન : 'પ્રબુદ્ધજીવન', પૂ. ગણિવર શ્રી હેમચંદ્રસાગરજીના ગ્રંથરત્ન 'પૂજ્ય ગુરુદેવ' આદિના આધારે સાભાર. )

## શાસનદીપક : વ્યાખ્યાતૃ ચૂડામણિ :

# પૂજ્ય મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ

આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ ( કાશીવાળા )ના શિષ્યરત્ન શાસનપ્રભાવક, શાસનદીપક, વ્યાખ્યાતૃ ચૂડામણિ શ્રી વિદ્યાવિજયજી મહારાજ અજોડ શક્તિના ધારક હતા. દીક્ષિત થયા પહેલાં પણ તેમના મનમાં ધર્મના સિદ્ધાંતો જાણવાની, તેનો પ્રચાર કરવાની ભાવના ઊલરાતી હતી; જૈનાગમોમાં રહેલા સિદ્ધાંતોને જાણવા માટે સંસ્કૃત-પ્રાકૃત ભાષાનું જ્ઞાન હોવું જરૂરી હતું. તે માટે તેઓ બનારસ પાઠશાળામાં ભણવા ગયા. સિદ્ધહેમ, અષ્ટાધ્યાયી, ન્યાય, કાવ્ય આદિ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્યાઓનો અભ્યાસ કર્યો. પુરુષાર્થશક્તિને કેળવ્યા વગર સુષુપ્ત પ્રતિભાશક્તિનો વિકાસ અશક્ય છે એવું માનનારા બેચરદાસે પૂ. શ્રી વિજયધર્મસૂરિજીના સાંનિધ્યમાં વિદ્યાભ્યાસ અને વક્તૃત્વ-કળાની શક્તિ વિકસાવી. પ્રાંતે કલકત્તા શહેરમાં દીક્ષા ગ્રહણ કરીને મુનિશ્રી વિદ્યાવિજયજી નામે ઘોષિત થયા.

સુદીર્ઘ આંખો, પ્રભાવશાળી કાન, લાંબી ભુજાઓ, આઠમના ચંદ્ર જેવો ભાલપ્રદેશ, મનમોહક મુખારવિંદ અને મધુર વાણી — આ સર્વ મહાપુરુષનાં લક્ષણો પૂજ્યશ્રીમાં જોવા મળતાં હતાં. એમાં પૂ. ગુરુદેવશ્રીના સર્વ સદ્‌ગુણોનો ઉમેરો થયો. પ્રભાવશાળી વક્તૃત્વ, ચારિત્રવંત વ્યક્તિત્વ, દેદીપ્યમાન પ્રભાવકતા અને સાધુતાનાં આચરણોની ઓજસ્વિતાના ગુણોથી ઓપતા મુનિવર હજારો-લાખો ભાવિકજનોનાં હૈયાંમાં વસી જનારા વિરલ વ્યક્તિ હતા.

સિંધ જેવા અધાર્મિક પ્રદેશમાં લાંબો સમય વિહાર કરીને ત્યાંના પ્રજાજીવનમાં ધર્મસંસ્કારોનું સિંચન કરીને જૈનશાસનનો જય જયકાર પ્રવર્તાવ્યો. તેમનું વ્યક્તિત્વ પ્રભાવ પાથરતું તેમ, તેમનું વક્તૃત્વ લાખો શ્રોતાજનોને મંત્રમુગ્ધ કરતું. અનેકોને એ વાણીપ્રવાહ અનોખો ઉત્સાહ પ્રેરતો અને સંયમમાર્ગે પદાર્પણ કરવા પ્રેરતો. પૂજ્યશ્રીની વૈરાગ્યવાણીથી પ્રભાવિત થઈ અનેક ભવ્યાત્માઓ પ્રવ્રજ્યાને પંથે પળ્યા હતા. બંગાળથી માંડીને સિંધ સુધી અને સિંધથી માંડીને કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતના પ્રદેશોમાં વિચરીને તેઓશ્રીએ અનુપમ શાસનપ્રભાવના કરી હતી. એવા એ અજોડ વ્યાખ્યાનવિશારદ મહાત્માને શતશઃ વંદન !

(સંકલન : 'પ્રતિષ્ઠા' સામયિકમાંથી સાભાર).

## પુરાણકાલીન ઋષિઓની ઉગ્ર તપસ્યાને યાદ અપાવે તેવું 'ગુણરત્ન સંવત્સર' નામનું વિશ્વવિક્રમ તપ કરનારા ભીષ્મતપસ્વી

# પૂ. મુનિરાજ શ્રી સોમતિલકવિજયજી મહારાજ

એક સુપ્રસિદ્ધ સંસ્કૃત સુભાષિત પ્રમાણે, સુવર્ણમાં રહેલા મેલને અગ્નિ દૂર કરે છે, દૂધમાં રહેલા પાણીને હંસ ભિન્ન કરે છે, તેવી રીતે જીવ તપ વડે કર્મરૂપી મેલથી આત્માને ભિન્ન કરે છે. જેમ દાવાનલ વિના જંગલને બાળી શકાતું નથી, જેમ મેઘ વિના દાવાનલ ઓલવી શકાતો નથી, જેમ પવન વિના મેઘને વીંખી શકાતો નથી, તેમ તપ વિના કર્મનાં બંધનો છેદી શકાતાં નથી. પણ કલિકાલમાં કઠોર તપ દુર્લભ છે, અને તેમાં યે મહાતપ તપનારા અતિ દુર્લભ છે. એવા એક મહાન તપસ્વી શ્રી સોમતિલકવિજયજી મહારાજ થઈ ગયા. તેમણે કરેલા 'ગુણરત્ન સંવત્સર' તપની આરાધના છેલ્લાં સેંકડો વર્ષોમાં બીજા કોઈએ કરી હોય તેમ જણાતું નથી. આ તપસ્વી મુનિવર્યને સંયમી પ્રભાવક ભવ્ય ગુરુપરંપરાનો વારસો મળ્યો હતો. જૈનસંઘમાં વિશાળ મુનિગણના સર્જક, સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય-

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org